## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, રાઈડ્ઝના કઠોર નિયમ કરતા, રાઈડ્ઝમાં કઠોર નટબોલ્ટ નાખશો ને તો એ વધુ કામના સાબિત થશે...!!!**

# હાર્દિક પટેલના જન્મદિન નિમિતે ગુજરાત ચેતના સંમેલન ટાઉનહોલ ખાતે યોજાયું




ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે બપોરના સુમારે ગુજરાત કોંગ્રેસના યુવા નેતા અને ખેડુતોના પનોતા પુત્ર હાર્દિક પટેલના જન્મદિવસ નિમિતે યોજાયેલ ''ગુજરાત ચેતના સંમેલન''યોજાયું હતું. આ પ્રસંગે એઆઈસીસીના પ્રવકતા શકિતસિંહ ગોહિલ, ગાંધીનગરના ધારાસભ્ય ડો.સી.જે.ચાવડા, ઉતરપ્રદેશના સાંસદ સંજયસિંહ, સાધુ-સંતો સહિત હજ્જારો કાર્યકરો હાજર રહ્યા હતા અને હાર્દિક પટેલને જન્મદિવસની શુભકામના પાઠવી હતી. જયારે ગુજરાતના પ્રજાજનોના અધિકાર અને પ્રશ્નોને વાચા આપવા માટે આ ચેતના સંમેલનનું આયોજન કરાયું હતું.

# રણાસણની જમીન બે વાર વેચાણ થતા પૂર્વ માલિક સહિત સાત સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં જમીનના ભાવ આસમાને આંબી રહ્યા છે. જેથી જમીનના વિવાદો પણ વધી રહ્યા છે, ત્યારે રણાસણ ગામે ૩૯ વર્ષ પહેલા વેચાણ કરેલી જમીન ને મુળ માલિકે ફરીવાર વેચાણ કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જેને પગલે એક પરિવારના ૬ સભ્યો સહિત સાત સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા નિરવકુમાર રવિન્દ્રકુમાર રામીના દાદા ચીમનભાઈ જોઈતારામ રામીએ વર્ષ ૧૯૮૦માં રણાસણ ગામની સીમમાં સર્વે નં ૪૫ ની ૧૦,૦૧૬ ચોરસમીટર જમીન બળદેવભાઈ રાયમલભાઈ રબારી રહે. રણાસણ પાસેથી ખરીદી હતી. જમીનનો વેચાણ દસ્તાવેજ ૧૫ જાન્યુઆરી ૧૯૮૦ રોજ થયો હતો. જેની ઉપર રૂપાબેનનો અંગુઠો પણ લેવામાં આવ્યો હતો. ત્યારબાદ જમીન નોંધ મામલે ૨૯ મે ૧૯૯૦ ના રોજ મામલતદાર દ્વારા જમીન તબદીલ માન્ય રાખવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે. ત્યારથી જમીનનો કબ્જો પણ નિરવ રામી પાસે છે. જમીનમાં ઓરડીઓ પણ છે અને વીજ કનેકશન પણ તેમના દાદા નામે છે. પંરતુ ત્યારબાદ એક હેકટર જેટલી જમીન નો આરોપીઓએ વારસાઈ કરાવીને બારોબાર ખોટો દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હોવાનું નિરવભાઈના ધ્યાને આવ્યું છે.

તેઓએ આ મામલે જમીનના ઉતારા કાઢી તપાસકરતા ગાંધીનગર મામલતદારે ૧૮ જાન્યુઆરી ૧૯૮૦ની નોંધ ૨૬ કરવાનો હુકમ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. જેમાં નિરવભાઈને તકરારી તરીકે સાંભલવામાં આવ્યા ન હતા. ઉપરોકત જમીન ચિમનભાઈ રામીના નામે હોવા છતા નોંધ ૧૬૮૮ થી ૨૫ ફેબુઆરી ૨૦૧૯ માં તેને ઉવારસદના મહેશજી ભીકાજી ઠાકોરને વેચાણ કરી આપવામાં આવી હોવાનું જણાયું હતું.જેનો દસ્તાવેજ પણ બની ગયો હતો. આ ઘટના મામલે નિરવ રામીએ ઉપરોકત જમીન તેમના દાદાના નામે ૩૯ વર્ષથી હોવા છતા તેમાં લીટીગેશનનો ઉભા કરીને એક જ જમીન બીજાને વેચી તેનો પણ દસ્તાવેજ કરી આપવામાં આવી છેંતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનું જણાવી આરોપીઓ સામે ડભોડા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




ગાંધીનગર જિલ્લામાં જળ શકિત અભિયાન, વનીકરણ અંગેની કામગીરી, દિવ્યાંગો માટે સાધન સહાય કેમ્પની કામગીરી, કુપોષણ મુક્ત જિલ્લો, જેવા વિવિધ કાર્યક્રમોમાં અત્યાર સુધી થયેલી કામગીરી અને આગામી સમયમાં થનાર કામગીરીના આયોજનની સમીક્ષા બેઠક નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં વિવિધ કામગીરીની ચર્ચા-વિર્મશ કરવામાં આવ્યો હતો.



ભવાઈનો ઈતિહાસ ૭૦૦ વર્ષ જુનો છે. ભવાઈ એ ગુજરાતનું એક લોકપ્રિય લોક થિએટર સ્વરૂપ છે. ભવાઈનો મૂળ હેતુ મનોરંજન અને જાગૃતિ છે. ૨૧મી સદીમાં ઘણા પરિબળોને કારણે તેની લોકપ્રિયતામાં ઘટાડો આવ્યો છે. જો કે ગ્રામીણ વિસ્તારમાં હજુ આજે પણ મનોરંજનના સાધન તરીકે તેનું મહત્વ છે અને તેને બચાવવા માટે ખાનગી કે સરકારી સંસ્થાઓ તેમજ વ્યકિતગત પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે.

જૂની રંગભૂમિના પાનસરના ભવાઈ કલાકારો આજકાલ ગાંધીનગરના અલગ અલગ સેકટરોમાં ભવાઈ કરીને પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. સેકટર-૫માં કલાકારોએ મહાકાલી માનો વેશભૂષા કાર્યક્રમ કરીને નાગરિકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

## સુથાર જ્ઞાતિનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સુથાર જ્ઞાતિના મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી યુવક-યુવતીઓ કે જેઓ દેશ કે દેશ બહાર વસતા હોય કુંવારા, વિધુર, છુટાછેડા વિધવા ત્યકતા કે શારીરિક ખોડ ખાપણ ધરાવતા ઉમેદવારો માટે જીવનસાથી પસંદગી મેળો દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ યોજાશે.

પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતીઓને સુથાર સમાજ ગુજરાત મરિમાતાનો ખાંચો, દાંડિયા બજાર ચાર રસ્તા, સુરસાગર સામે વડોદરાથી ફોર્મ ભરવાના રહેશે. સંજયભાઈ ગજ્જર ફોન નં. ૦૨૬૫-૨૪૧૬૧૬૧ પર સંપર્ક કરવા જણાવેલ છે.




લાયોનેસ કલબના સભ્ય વીણાબેન વોરા દ્વારા અંધશાળા સે-૧૬માં અંધ બાલીકાઓને હેન્ડમેઈડ બુટ્ટી અને સાંજનું ભોજન આપવામાં આવ્યું હતું અને સે-૬ના વૃધ્ધાશ્રમના વૃધ્ધોને ફૂડ પેકેટ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ દક્ષા જાદવ, ભૂતપૂર્વ પ્રમુખ વૈશાલીબેન જોષી, વીભાબેન વોરા તથા સંસ્થાના અન્ય સભ્યો સાથે જૈન સોશ્યલ ગૃપ અને સંગીની ફોરમ સંસ્થાની બહેનોએ પણ હાજર રહી કાર્યક્રમમાં ફાળો આપ્યો હતો.

# જે. પી. નડ્ડાનુ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભવ્ય સ્વાગત : નડ્ડા પ્રભાવિત

### કાર્યકારી અધ્યક્ષની જવાબદારી મળ્યા બાદ પ્રથમ વખત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પહોંચ્યા : પ્રતિમા પર પુષ્પાંજલિ

અમદાવાદ,તા.૨૦

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડાએ સરદાર વલ્લભભાઈ પટેલના કેવડીયા કોલોની ખાતે સ્થાપિત સરદાર- સ્મારક સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ પરમ ધન્યતાનો ભાવ વ્યકત કર્યો હતો. આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીશજી, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણી, પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના મહાનુભાવો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડા આજે સવારે હેલિકોપ્ટર ધ્વારા કેવડીયા કોલોનીના હેલીપેડ ખાતે આવી પહોંચતા ભાજપાના પ્રદેશ અગ્રણીઓ, સાંસદઓ, ધારાસભ્યઓ તથા હજારોની સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોએ નડ્ડાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરી ઉષ્માભર્યો આવકાર અપાયો હતો.



કેવડીયા હેલીપેડ નજીક આદિવાસી નૃત્ય મંડળીઓ દ્વારા પરંપરાગત નૃત્યની રમઝટ સાથે નડ્ડાનું સ્વાગત કર્યું હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટીની આ મુલાકાત દરમિયાન જેપી નડ્ડાએ સરદાર સાહેબની વિરાટ પ્રતિમાના ચરણોમાં ગુલાબના પુષ્પો દ્વારા અંજલી આપીને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ભાવવંદના કરી હતી. રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડા આજે સવારે કેવડીયા કોલોનીના હેલીપેડ ખાતે આવી પહોચ્યાં ત્યારે તેમના કરાયેલા ભવ્ય સ્વાગત બાદ હેલીપેડ નજીકના સ્થળે ઉપસ્થિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, વરિષ્ઠ હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરમાં સેક્ટર-૧૫માં સાઈ સંકુલ ખાતે જિલ્લાની સ્કૂલ ગેમ્સ અન્ડર-૧૯ માટે હેન્ડબોલ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં હિલવુડની બૉયઝ ટીમ વિજેતા બની હતી. આ ટીમના કોચ મહેશ્વરી ધુમાલે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# એસજી હાઈવે ઉપર ફુટપાથ પર કાર મજુર પર ફરી વળી

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરના એસજી હાઈવે પર પકવાન ચાર રસ્તા પાસે સર્વિસ રોડ પર કારચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે અને ગંભીર બેદરકારીપૂર્વક હંકારી ફૂટપાથ પર સુતેલા વૃધ્ધ મજૂર પર કાર ચડાવી દેતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. જો કે, એસજી ૨ ટ્રાફિક પોલીસે ગાડી નંબરના આધારે કારચાલકની શોધખોળ હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના એસજી હાઈવે પર એસજી ૨ ટ્રાફિકની પકવાન બીટ ચોકી પાછળ સર્વિસ રોડ પર મૂળ રાજસ્થાનનો ૬૫ વર્ષીય સુખલાલ દુબેલાલ પાવરી સૂતો હતો. ત્યારે જીજે ૦૧ કેપી-૧૭૯૩ નંબરની કારના ચાલકે પોતાનું વાહન પૂરપાટઝડપે અને ગંભીર બેદરકારીપૂર્વક હંકારી કાર ફુટપાથ પર ચડાવી દીધી હતી અને સર્જેલા ગમખ્વાર અકસ્માતમાં ફુટપાથ પર સૂઈ રહેલા વૃધ્ધ મજૂર સુખલાલને કચડી નાંખ્યો હતો. ગંભીર ઈજાઓ થવાના કારણે આ વૃદ્ધ મજૂરનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયું હતું.





ગાંધીનગર શહેરના ગ-૧ પાસે અચાનક વાન સળધી ઉઠી હતી. વાનના માલિક પોતાની દિકરીને શાળાએ મુકવા જઈ રહ્યા હતા. ત્યારે વહેલી સવારે આ બનાવ બનવા પામ્યો હતો. જો કે આગને પગલે ગણતરીની મિનિટોમાં વાન બળીને ખાક થઈ ગઈ હતી. જો કે સમયસુચકતા વાપરીને દિકરી અને તેના પિતા વાનમાંથી નીચે ઉતરી જતા આબાદ બચાવ થયો હતો. જો કે આગ કયાં કારણોસર લાગી તે જાણી શકાયું નથી.

# ભાજપ સરકાર સર્વે કરાવીને ખેડૂતોને હવે પાક વીમો આપે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ આજે અમરેલી જિલ્લાના પંથકોમાં વિવિધ ખેડૂતોના ખેતરોની મુલાકાત લીધી હતી. વરસાદ ખેંચાતા અને પાણીની અછત વચ્ચે સૂકાઈ રહેલા અને નિષ્ફળ ગયેલા પાકને લઈ ધાનાણી ભારે વ્યથિત થયા હતા અને ઉગ્ર માંગણી કરી હતી કે, ભાજપ સરકાર વિધાનસભા છોડી ખેડૂતોના ખેતરોમાં આવે અને રાજયભરમાં ખેડૂતોનો સર્વે કરાવી તેઓને તાત્કાલિક યોગ્ય પાક વીમાની રકમ ચૂકવે. આજે વિપક્ષના નેતા પરેશ ધાનાણી અમરેલીના વડીયા પંથકમાં ખેડૂતોની મુલાકાતે આવી પહોંચ્યા હતા. જ્યાં તેમણે ખેડૂતોના ખેતરની મુલાકાત લીધી હતી અને ખેડૂતોની વ્યથા જાણીને દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, તેઓ સરકારને ખેડૂતોના પાક વીમા મુદ્દે ઉગ્ર રજૂઆત કરશે. ધાનાણીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં ખેડૂતોએ મોંઘા ભાવના બિયારણો અને દવાની ખરીદી કરી છે. વાવણી થઈ ત્યારથી હજુ સુધી વરસાદ પડ્યો નથી. જેને લઈને જમીનો સુકાઈ રહી છે. મગફળીના ઉભા છોડ સુકાઈ રહ્યાં છે અને કપાસ પણ સુકાઈ રહ્યો છે. વરસાદ ખેંચાતા ખેડૂતોની હાલત કફોડી બની છે, તેમ છતાં રાજ્ય સરકાર વિધાનસભામાં વાહવાહી કરી રહી છે.



ઈન્ડિયન રેડકોર્સ સોસાયટી જિલ્લા શાખાના સહયોગથી રેડક્રોસ ગુજરાત રાજ્ય શાળા દ્વારા ગ્રામભારતી અમરાપુર ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો હતો. જેમાં કુલ ૧૬૭ વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો. ડૉ. નિલેશ ભારતીય અને નયનભાઈ શ્રીમાળી દ્વારા પુરતી સેવા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ગ્રામભારતીના પ્રોફેસર વિનોદભાઈ જોષી અને રેડક્રોસ જિલ્લા શાખાના જીલુભા ધાંધલનો પૂરતો ફાળો રહ્યો હતો.

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ફરીથી વરસાદી માહોલ જામ્યો

### મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠામાં વરસાદ : સૌરાષ્ટ્રના જામનગર સહિત અનેક વિસ્તારોમાં વરસાદના કારણે ખેડુતોમાં ખુશીનુ મોજુ

ગાંધીનગર, તા. ૨૦

સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્યગુજરાતમાં કેટલાક ભાગોમાં ફરીએકવાર વરસાદી માહોલ જામતા ખુશીનું મોજુ ફરી વળ્યું છે. સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલના કારણે ખેડુતોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. બીજીબાજુ હવામાન વિભાગ તરફથી દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, વલસાડ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના ગીરસોમનાથ, અમરેલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગ તરફથી અમદાવાદ માટે પણ હળવા ઝાપટાની આગાહી કરવામાં આવી છે. લાબા વિરામ બાદ ઉત્તર ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં હવામાનમાં પલટો આવ્યા બાદ આજે વરસાદી માહોલ રહ્યો હતો. મહેસાણાના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. બનાસકાંઠા, સાબરકાંઠામાં પણ વરસાદ પડ્યો છે. બીજી બાજુ સૌરાષ્ટ્રના જે વિસ્તારમાં વરસાદ થયો છે તેમાં જામનગર અને આસપાસના વિસ્તારોનો સમાવેશ થાય છે. અમરેલી, જુનાગઢમાં પણ વરસાદ થયો છે. મધ્યગુજરાતમાં પંચમહાલ ખાતે વરસાદી ઝાપટા પડ્યા છે. ધાર્મિક વિસ્તાર ગણાતા ખેડબ્રહ્મામાં પણ વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ રહી શકે છે. બીજીબાજુ ઉત્તર ગુજરાતમાં પણ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, ખેડા અને આણંદનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં પણ વરસાદ પડી શકે છે. જેમાં રાજકોટ, ગીરસોમનાથ, દેવભૂમિ દ્વારકા, ભાવનગરનો સમાવેશ થાય છે.

વરસાદની ઉત્સુક્તા પુર્વક રાહ જોવાઈ રહી છે ત્યારે લાંબા વિરામ બાદ વરસાદ પડતા ખેડુતોમાં ખુશી જોવા મળી રહી છે. હજુ સુધીના આંકડા દર્શાવે છે કે, ગુજરાતમાં ૪૪ ટકા સુધી જ ઓછો વરસાદ નોંધાયો છે.